દેવદર્શનમાં ડ્રેસકોડનો મહત્વનો નિર્ણય

કોરોનાના કારણે નિર્ણય : યાત્રાધામ શામળાજીના વિષ્ણુ મંદિરમાં ટૂંકાં વસ્ત્રો પહેરી પ્રવેશવા ઉપર પ્રતિબંધ

યાત્રાધામ શામળાજીના પ્રસિદ્ધ વિષ્ણુ મંદિરમાં હવેથી ટૂંકા વસ્ત્રો પહેરી મંદિરમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ લાગ્યો છે. દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ઓચિંતો ડ્રેસકોડનો નિયમ અમલી બનાવાયો છે જેમાં દર્શન કે મંદિરમાં પ્રવેશ સમયે ટૂંકાં વસ્ત્રો

પહેરવા ઉપર રોક લગાવવાની સાથે દર્શનાર્થીઓએ પિતાંબર પહેરીને જ ગર્ભગૃહમાં પ્રવેશ માટેનો નિર્ણય લીધો છે. રાજયમાં કોરોના બેકાબુ બન્યો છે અને દરેક જિલ્લાના ખૂણે ખૂણેથી ભગવાન શામળીયાના ભક્તો શામળાજીમાં દર્શન માટે આવતા હોવાથી નિર્ણય લેવાયાનું શામળાજી ટ્રસ્ટના વાઈસ ચેરમેન રણવીરસિંહ ડાભીએ જણાવ્યું છે.

ઉત્તરાખંડના નવા મુખ્ય મંત્રી તિરથસીંગ રાવતે મહિલાઓના પોષાક અંગે કરેલી ટીપ્પણીઓએ મોટો બખેડો ઉભો કર્યો છે. ફાટેલા જીન્સ પહેરતી મહિલાઓ અંગે તેમને કરેલી ટીપ્પણીના પરિણામે તે સોશ્યલ મીડીયામાં ટ્રોલ થઈ રહ્યા છે ત્યારે અરવલ્લીના યાત્રાધામ શામળાજીના દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પણ ડ્રેસ મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે ઐતિહાસિક નિર્ણય લીધો છે જેમાં ભગવાન કાળીયા ઠાકરના દર્શને આવનાર દરેક શ્રદ્ધાળુઓએ હિન્દુ સંસ્કૃતિને અનુરૂપ જ વસ્ત્રો પહેરવા ઉપર ભાર મૂક્યો છે. દેશના કેટલાક દેવસ્થાનોમાં અગાઉ ખાસ ડ્રેસકોડ અમલમાં મૂકાયા પછી કેટલાક સંગઠનો દ્વારા તેનો વિરોધ-વંટોળ ઉભો થયો હતો. પરંતુ જિલ્લાના શામળાજીમાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હોય તે રીતે વસ્ત્રો પહેરી દર્શન કરવા માટે ખાસ નિયમ લાગુ કર્યો છે. ત્યારે ડ્રેસકોડ મુદ્દે આગામી સમયમાં કોઈ વિવાદ ઉભો થશે કે કેમ..?? એ તો આગામી સમયમાં ખ્યાલ આવે તેમ છે પરંતુ હાલ તો જે રીતે મંદિરમાં પ્રવેશવા ઉપર એકાએક ટૂંકા વસ્ત્રો પહેરનાર યાત્રિકોને મંદિરમાં પ્રવેશવા ઉપર રોક લગાવવાના નિર્ણયે ખાસ્સી ચર્ચા જગાવી છે.

કોરોનાથી અનેક વ્યવસાય હાલક ડોલક

ઉત્તર ગુજરાતના પ્રવાસન વ્યવસાયને મરણતોલ ફટકો

પાંચ જિલ્લામાંથી ઉત્તરાખંડના કુંભમેળામાં માંડ પાંચ લક્ઝરી દોડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સરકારી કર્મચારીઓ સિવાય કોરોનાએ દરેકની હાલત કફોડી કરી છે. અનેક ધંધા-રોજગાર કોરોનાના ૧ વર્ષ પછી પણ બેઠા થઈ શક્યા નથી અનેક નાના-મોટા ધંધાદારીઓ દેવાદાર બની ગયા છે કેટલાકે ધંધા છોડી નવા વ્યવસાયમાં ઝંપલાવ્યું છે. ઉત્તર ગુજરાતના પ્રવાસન વ્યવસાયને કોરોનાએ હાલક-ડોલક કર્યો છે. ઉત્તરાખંડના હરિદ્વારમાં કુંભમેળો શરૂ થયો છે ત્યારે દર ૪ વર્ષે યોજાતા મેળામાં કોરોનાનું ગ્રહણ ઉત્તર ગુજરાતમાં જોવા મળ્યું. ૫ જિલ્લામાંથી માત્ર ૫ લક્ઝરી બસમાં શ્રદ્ધાળુઓ હરિદ્વાર પહોંચ્યા છે. દર ૪ વર્ષે ૨૦૦ થી વધુ લક્ઝરી બસો ઉત્તર ગુજરાતમાંથી કુંભમેળામાં દોડતી હતી તેના ઉપરથી જ કોરોનાની ભયાનક અસરો કેવી છે તે સમજી શકાય છે.

કુંભમેળામાં શાહીસ્નાનનું આગવું મહત્વ રહેલું છે. જેથી દેશભરમાંથી લાખોની સંખ્યામાં સાધુઓ શાહીસ્નાન માટે મેળાના સ્થળે અગાઉથી ધૂણી ધખાવતા હોય છે. શ્રદ્ધાળુઓ પણ કુંભમેળાનો લાભ લેવાની સાથે દિગંબર સાધુ મહાત્માઓના દર્શન માટે આતૂરતાપૂર્વક કુંભમેળો યોજાય તેની રાહ જોતા હોય છે પરંતુ આ વર્ષે કોરોનાના કારણે કુંભમેળાને ઝાંખપ લાગી છે તેની સાથે પ્રવાસન વ્યવસાયને પણ મોટો ફટકો પડ્યો છે. ટુરીઝમ વ્યવસાય માટે જાણીતા ઉત્તર ગુજરાતમાં કોરોનાકાળથી લક્ઝરી બસના સંચાલકોની પનોતી બેઠી છે. જેમાં આર.ટી.ઓ., વિમા, ડ્રાઈવર-કંડક્ટરના પગાર સહિતના ખર્ચાઓ યથાવત રહ્યા છે તેની સામે લક્ઝરી બસના એડવાન્સ બુકીંગ કોરોનાના કારણે રદ થતાં મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે. કુંભમેળામાં સામાન્ય દિવસોમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૨૦૦ થી વધુ લક્ઝરી બસો દ્વારા શ્રદ્ધાળુઓ કુંભમેળાના સ્થળે પહોંચતાં હતાં પરંતુ આ વખતે માંડ ૫ બસો ઉપડી છે જેના કારણે ટ્રાવેલ્સના વ્યવસાયિકોને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. છેલ્લા ૧ વર્ષથી વ્યવસાયમાં આવેલી મંદી અને ત્યારબાદ કોરોનાની નવી લહેરમાં કુંભમેળાના બુકીંગ રદ થતાં ટુર ઓપરેટરો માટે પડ્યા ઉપર પાટુ જેવી હાલત થઈ છે.

સેક્ટર-૨૪ના કોરોના વોરિયર્સનું મેયરના હસ્તે સન્માન

ગાંધીનગરમાં માળી સમાજના અગ્રણી અને લારી ગલ્લા એસોસિએશનના પ્રમુખ સેક્ટર-૨૪ના તુલસીભાઈ માળીનું ગાંધીનગરના પ્રથમ નાગરિક એવા મેયર રીટાબેન પટેલ દ્વારા કોરોના વોરીયર્સ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તુલસીભાઈ માળી ગાંધીનગર રાજસ્થાન સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ હોવા સાથે શહેરમાં વસતા પરપ્રાંતિય વસાહતીઓના અગ્રણી છે અને લોકડાઉન દરમ્યાન તેમણે ઘ-૫ ફુડ કોર્ટ ખાતેથી જરુરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોને અવિરત ભોજન સેવા પુરી પાડવા સાથે ગૌમાતા માટે નિયમિત ઘાસચારાની વ્યવસ્થા પુરી પાડી હતી તેમજ તેમણે લોકડાઉનમાં જીવના જોખમે ફરજ બજાવી રહેલા પોલીસ તથા આરોગ્ય કર્મીઓ જેવા કોરોના વોરિયર્સને માસ્ક, સેનેટાઇઝર સહિત ચા-નાસ્તાનું વિતરણ પણ કર્યુ હતું.

ગલુદણ પાટિયા પાસે બસની અડફેટે રીક્ષાચાલકનું મૃત્યુ

દહેગામ-નરોડા હાઈવે પર ગલુદણ પાટીયા નજીક બસની અડફેટે કાળા ચાલકનુ મોત થયું છે. અમદાવાદના વટવામાં સરતાજનગર નજીક ખાતે રહેતો ૧૯ વર્ષીય શાહનવાઝ શાનમહમંદ કુરેશી પોતાની સીએનજી રીક્ષા લઈને મિત્રના પરિવારને ૧૭ માર્ચે હિંમતનગર મુકવા માટે ગયો હતો. બપોરે તે પોતાની રીક્ષા લઈને ઘરે પરત ફરતો હતો ત્યારે બપોરે દોઢ વાગ્યાના સુમારે દહેગામ તરફથી રીક્ષા લઈને નરોડા તરફ જતો હતો ત્યારે RJ-12-PA-5743 નંબરની રાજસ્થાન પરિવહનની બસે રીક્ષાને ટક્કર મારી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકને સારવાર માટે પહેલાં ગાંધીનગર સિવિલ અને ત્યાંથી એલજી હોસ્પિટલ દાખલ કરાયો હતો. જયાં સારવાર દરમિયાન શુક્રવારે રાત્રે તેનું મોત થયું હતું. ઘટનાને પગલે મૃતકના પિતા શાનમહમંદ ઉર્ફે ખાનભાઈ ઈમામબક્ષ કુરેશીએ (૬૦ વર્ષ)એ આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સેકટર-૨૫ જીઆઈડીસી પાસે વરલીનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સેકટર-૨૫ જીઆઈડીસીના ગેટ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને સેકટર-૧૨ પોલીસના સર્વેલન્સની ટીમના સભ્યએ દબોચી લીધો છે. પોલીસે બે આરોપી પાસેથી રોકડ, અને મોબાઈલ મળી કુલ રૂ.૧૫,૧૯૨ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ વ્યકિત સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૧ પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હતો તે સમયે હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણા અને અલ્પેશસિંહને ખાનગી રીતે બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર રેઈડ કરતા બે શખ્સ ઝડપાયા હતા.જેમાં વરલી મટકાનો આંક લખતો શકસ વાવોલના કુબેરનગરનો રમેશ કચરાજી ઠાકોર હોવાનું સામે આવ્યું હતું. જયારે આંક લખાવવા આવેલ શખ્સ સેકટર-૧૩ મહેન્દ્રભાઈ શંકરભાઈ પરમાર (પ્લોટ નં.૬૦૧) હોવાનુ સામે આવ્યું હતું. આરોપી રમેશને વરલીના વલણ અંગે પુછતા તેણે હરીશભાઈ ઉવારસદવાળા નું નામ આપ્યું હતું. પોલીસે પકડી પાડેલા બે શખ્સોની અંગજડતી દરમિયાન રૂ.૧૦,૧૯૦ રોકડા અને રૂ.૫ હજારના મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૫,૧૯૨ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુરમાં વેક્સિનની કામગીરીના સ્થળ ઉપર કોરોના ગાઈડ લાઈનનો ભંગ

ભાજપ કોંગ્રેસના નગરસેવકો અને કાર્યકરોએ માસ્ક પહેર્યું પણ દાઢી સુધી

પાલનપુરમાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વાયરસની રસીકરણની કામગીરી ચાલી રહી છે.જેમાં પાલનપુર વોર્ડ નંબર ત્રણમાં કોરોના વાયરસની રસીકરણની કામગીરી ચાલી રહી હતી તે જગ્યા પર પાલનપુર નગરપાલિકાના નવા ચૂંટાયેલા સભ્યો માસ્ક પહેરી લોકોને રસીકરણ કરાવી રહયા છે.પરંતુ માસ્ક માત્ર દાઢી સુધી રાખવામાં આવ્યુ છે.અને સોશીયલ ડીસ્ટન્સની પણ જાળવણી રાખવામાં ન આવી હોવાનું તસવીરમાં પુરવાર કરી રહી છે.

રાજયભરમાં કોરોના વાયરસના કેસોમાં ફરી વધારો થઈ રહયો છે.જેથી સરકાર દ્વારા વધુ તકેદારી રાખવા અપીલ કરી રહી છે.તો બીજી તરફ કોરોના સામે રક્ષણ મળી રહે તે માટે સરકાર દ્વારા પાલનપુર શહેરના વોર્ડ વાઈજ કોરોના રસીકરણના કેમ્પ કરી લોકોને સુરક્ષીત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે.તો બીજી તરફ લોકોને વધુમાં વધુ કોરોનાની વેક્સિન લે તે માટે ભાજપ કોંગ્રેસના નગરસેવકો પોતાના વોર્ડમાં કેમ્પ સ્થળ સુધી વધુમાં વધુ લોકો આવે અને કોરોના વેક્સિન લે તે માટે પ્રયાસો કરી રહયા છે.પરંતુ નગરસેવકો પોતાની કાળજી લેવામાં નિષ્ક્રિય હોય તેવુ તસવીરમાં દ્રષ્ટીપાત થઈ રહયુ છે.જેમાં કોરોના વેક્સિનની કામગીરીના કેમ્પ પર ભાજપ કોંગ્રેસના નગર સેવકો માસ્ક પહેરી રસી કરણ કરાવવા માટે લોકોને બોલાવી રહ્યા છે.પરંતુ નગરસેવકો અને કાર્યકરોએ માસ્ક મોઢા ઉપર રાખવાના બદલે દાઢી સુધી રાખી સામુહીક તસવીરો પડાવી સોશીયલ ડીસ્ટન્સની જાળવણી રાખવમાં ન આવી હોય તેવુ તસવીરમાં નજરે પડી રહયુ છે.તેમજ કેટલાકે તો માસ્ક પણ પહેર્યુ નથી અને સ્યોશ્યલ ડિસ્ટન્સ પણ રાખ્યુ નથી જેથી સ્યોશ્યલ મિડીયામાં ફરતી થયેલી તસવીરને જોઈ સૌ કોઈ લોકોને આ બાબતે તકેદારી રાખવી જોઈએ તે બાબત લોકોમાં ચર્ચા થઈ રહી છે.

બાપલા ગામમાં આજે વિવાદાસ્પદ દબાણ હટાવવાની કામગીરી શરૂ કરાઈ

ગુજરાત અને રાજસ્થાનમાંથી ગોસ્વામી સમાજના સંતો મહંતો અને અખાડાના સાધુઓએ તંત્રને સદબુદ્ધિ આવે અને દબાણ ન હટાવે તે માટે હવન કરી કુદરતને પ્રાર્થના કરી

ગુજરાત રાજસ્થાન બોર્ડર પર આવેલ બાપલા ગામમાં આજે વિવાદાસ્પદ દબાણ હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી આ વિવાદાસ્પદ દબાણ માં ગોસ્વામી પરીવાર ની સમાધિ સ્થળ ના હટાવે તે માટે ગુજરાત અને રાજસ્થાનમાં થી ગોસ્વામી સમાજ ના સંતો મહંતો અને અખાડા ના સાધુઓએ તંત્ર ને સદબુદ્ધિ આવે અને દબાણ ન હટાવે તે માટે હવન કરી કુદરતને પ્રાર્થના કરી હતી. અને તેમ છતાં પણ જો દબાણ હટાવવામાં આવશે તો સાધુઓએ જીવતા સમાધિ લેવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

બનાસકાંઠા ના છેવાડે આવેલા બાપલા ગામમાં છેલ્લા ઘણા સમયથી વિવાદાસ્પદ દબાણ મુદ્દે બબાલ ચાલી હતી જેમાં આજે વહેલી સવારથી જ મામલતદાર, ટીડીઓ ડીવાયએસપી સહિતનો પોલિસ નો કાફલો બાબલા ગામે પહોંચ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બાપલા ગામ પોલિસ છાવણી માં ફેરવાઈ ગયું હતું. અને તંત્ર ની ટીમે વિવાદાસ્પદ દબાણ હટાવવાની કામગીરી શરૂ કરી હતી જેમાં ગૌસ્વામી સમાજ ના સમાધિસ્થાન નો પણ સમાવેશ થાય છે જોકે આ સમાધિ સ્થળ ન હટે તે માટે સાધુ સંતો મહંતો અને અગ્રણીઓએ અત્યાર સુધી પૂરતા પ્રયાસો કર્યા હતા તેમ છતાં પણ તંત્રએ આજે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરતાં ગુજરાત અને રાજસ્થાનમાં થી ગૌસ્વામી સમાજ ના સાધુ સંતો મહંતોએ હવન શરૂ કર્યો હતો અને તંત્ર ને સદબુદ્ધિ આવે અને દબાણ ન હટાવે તે માટે પ્રભુને પ્રાર્થના કરી હતી તેમ છતાં પણ દબાણ કરવામાં આવશે તો અખાડા માંથી આવેલા સાધુઓએ જીવતા સમાધિ લેવાની ચીમકી પણ ઉરચારી છે .....ગોસ્વામી સમાજ અને સાધુ-સંતો મહંતો ની વાત માનીએ તો બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા ગૌસ્વામી સમાજ ને જમીન ફાળવવામાં આવી હતી અને તે જ સર્વે નંબરની જમીન માં આજે પણ અહીં ગોસ્વામી સમાજ નો પરિવાર રહે છે અને બાજુમાં બનાવવામાં આવેલી સમાધિ સ્થળ ની જાળવણી રાખે છે તેમ છતાં પણ સ્થાનિક આગેવાનો અને વહીવટી તંત્ર પોતાની મનમાની ચલાવી ગરીબ પરિવારને હટાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, અને આ મુદ્દે ગૌસ્વામી સમાજ દ્વારા હાઈકોર્ટે માં અરજી કરવામાં આવી છે જે સુનાવણી પણ પેન્ડિંગ હોવા છતાં સમાધિ સ્થળ ને દબાણ માની હટાવી રહ્યા છે.

બાયડ મામલતદાર કચેરીમાં વહીવટદાર કોનો ખબરીલાલ..!!

સી.સી.ટીવી કેમેરા ચાલુ હોય તો તમામ હરકતો પ્રકાશમાં આવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ મામલતદાર કચેરીમાં આજકાલ એક વહીવટદાર ખુબ ચર્ચામાં છે. ચર્ચા તો એવી છે કે આ વહીવટદાર કોનો ખબરીલાલ બની ગયો છે. જિલ્લા કલેક્ટર અને પ્રાંત અધિકારી દ્વારા બાયડ મામલતદાર કચેરીના સી.સી.ટીવી કેમેરા ચાલુ હોય તો તેની ચકાસણી કરે તો નોકરી કરતો ન હોવા છતાં સતત અડીંગા જમાવનાર વહીવટદારને કોના આશીર્વાદ છે..?? તેનો પર્દાફાશ થઈ શકે છે.

બાયડ મામલતદારની નબળી કામગીરી સામે લોકઆક્રોશ જગજાહેર છે. કેટલાક વિવાદાસ્પદ જમીનના કેસમાં પણ મામલતદાર સામે ગંભીર આંગળીઓ ચિંધાવાની સાથે રાજ્યના મહેસૂલ મંત્રી સમક્ષ એક અરજદારે યોગ્ય પુરાવા સાથે ફરિયાદ પણ કરી છે. ત્યારે કહેવાય છે કે છેલ્લા કેટલાક સમયથી બાયડ મામલતદાર કચેરી શરૂ થાય એ સાથે જ કચેરીમાં ફરજ બજાવતો ન હોવા છતાં વહીવટદાર હાજર થઈ જાય છે.

વહીવટદારને ભોજનની ભૂખ ન હોય તેમ ઘરે જમવા જવાનું પણ ટાળે છે અને માત્ર પૈસાની ભૂખ હોય તેવા દ્રશ્યો સવાર, બપોર, સાંજ જોવા મળે છે. જિલ્લા કલેક્ટર દ્વારા બાયડ મામલતદાર કચેરીની સરપ્રાઈઝ ચેકીંગનો આદેશ થાય તો અનેક ચોંકાવનારા રહસ્યોનો પર્દાફાશ થવાની સાથે કચેરીમાં બેસી વહીવટ કરવાની સાથે અનેક પ્રકારની ખબરો ખબરીલાલ પોતાના આકાઓને પહોંચાડતો હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે.

ઘરેથી આપઘાત કરવા નીકળેલો યુવક પોલીસની મદદથી હેમખેમ પરત ફર્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં કોઈ કારણોસર યુવાન દિકરાને પિતાએ ઠપકો આપતા દિકરાને લાગી આવતા ઘરેથી નીકળી ગયો હતો. આ યુવક અજુગતુ પગલુ ભરે તે પહેલા સેકટર-૨૧ પોલીસે ઉવારસદ પાસેથી તેને પકડી પાડી જીવ બચાવ્યો હતો.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરમાં રહેતો ૨૬ વર્ષિય યુવક ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. માતા-પિતા અને તેમજ બીજા બે ભાઈઓ સાથે પરિવારમાં રહેતા યુવકને પિતાએ કોઈ બાબતે ઠપકો આપ્યો હતો. જેને યુવકને લાગી આવતા યુવક કેનાલમાં પડવાનું કહીને ઘરેથી નીકળી ગયો હતો. જેથી ચિંતિત બની ગયેલા પરિવારજનોએ તેની શોધખોળ આદરી હતી. સતત ફોન કરવા છતા યુવક ફોન ઉપાડતો ન હતો. જેને પગલે પરિવારજનોની ચિંતામાં વધારો થવા પામ્યો હતો. સેકટર-૨૧ પોલીસે પરિવારના સભ્યોની માંગને પગલે પીએસઆઈ ડી.એ.રાઠોડ અને ટીમના સભ્યો મળી યુવકને શોધવા લાગ્યા હતા.જેમાં યુવકના ફોનના લોકેશનને પગલે પોલીસે તેની શોધખોળ તેજ કરી હતી. યુવકનું લોકેશન સતત બદલાતા રહેતુ હતુ. જયારે છેલ્લુ લોકેશન ઉવારસદ તળાવ પાસે મળી આવ્યું હતું.જેથી પોલીસે તાત્કાલીક ઉવારસદ તળાવ પાસે જઈને યુવકને બચાવી લીધો હતો. યુવકને પોલીસ મથકે લઈ આવી હતી. ત્યારબાદ પોલીસે યુવકને આ પ્રકારનુ પગલુ નહી ભરવા માટે કહ્યું હતું. પરિવારના સભ્યો અને યુવક વચ્ચે સમાધાન બાદ તમામને સહી સલામત ઘરે મોકલી આપ્યા હતા.

જમીયતપુરા કેનાલમાંથી અજાણી યુવતિનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર,તા.૧૯

અડાલજ પાસે જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ગતરોજ આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયની અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસે અજાણી મહિલાના વાલી વારસોની શોધખોળ શરુ કરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ જમીયતપુરા નર્મદા કેનાલમાં આવેલી વોટર સાઈડ હોટલ થી ગણતરીના અંતરે જ મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મહિલાના મૃતદેહ અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા તેઓ પહોંચીને મહિલાના મૃતદેહને બહાર નીકાળ્યો હતો. ઘટનાની જાણ થતા અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો તાત્કાલીક પહોંચી જઈને ઓળખ વિધી માટે પ્રયાસ શરુ કર્યા હતા.

જો કે પોલીસને યુવતિના કોઈ વાલી વારસો મળી આવ્યા નથી. અડાલજ પોલીસના જણાવ્યા મુજબ મૃતક યુવતિના ડાબા હાથના કાંડા પર તલનુ નિશાન છે. મૃતક યુવતિએ છીંકણી રંગનુ ટોપ અને મરૂન કલરનો લેંઘો પહેરેલ છે. પાંચ ફુટ ઉંચાઈ ધરાવતી યુવતિ ઘઉંવર્ણની છે. આ યુવતિના વાલી વારસો અંગે કોઈ માહિતી કે પત્તો મળે તો અડાલજ પોલીસ મથકનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

સોનીપુર ગામે પહેલા દિવસે બાવન વડીલોને રસીકરણ

કોરોના કેસોમાં વધારો થવાની સ્થિતિએ ફરીથી ચિંતાજનક વાતાવરણ સર્જ્યુ છે. આ સ્થિતિમાં રસીકરણ ઝડપી બનાવવા સરકારે કમર કસી છે. ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા ગામના વડીલો જેઓ ૬૦ વર્ષથી વધુની વય ધરાવે છે તેમને રસી આપવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સોનીપુરમાં પહેલા દિવસે ૫૨ જેટલા નાગરિકોએ રસીકરણ કરાવ્યુ હતુ. રસીકરણનો આ કાર્યક્રમ તા. ૩૧મી માર્ચ સુધી રવિવાર અને બુધવાર સિવાયના દિવસોએ સવારે ૯.૩૦ થી ૪ વાગ્યા સુધી અવિરત ચાલવાનો છે જેનો લાભ લેવા ટીમ દ્વારા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

પાલનપુર સિંધી કોલોનીથી પુલ પર જવાનો માર્ગ બંધ કરાયો

પાલનપુર ગુરુનાનક ચોકમાં ટ્રાફીક હોવાના કારણે નાના ટુવ્હીલર વાહનો સિંધી કોલોનીના માર્ગ થી ઓવર બ્રિજ ઉપર જતા હતા.પરંતુ તે માર્ગ ઉપરથી વધુ વાહનો પસાર થવા લાગ્યા હોવાના કારણે સ્થાનિક વેપારીઓ અને રહીશો દ્વારા તે માર્ગ ઉપર આડશ મુકી બંધ કરવામાં આવતા ગુરુનાનક ચોકમાં ટ્રાફીકની સમસ્યામાં વધારો થયો છે.

પાલનપુર ગુરુનાનક ચોકના બ્રિજને ઉંચો કરવાની કામગીરી ચાલી રહી છે.જેમાં બ્રિજના નીચે થોડા સમય પહેલા માટીની ભેખડ ધસી પડતા ગુરુનાનક ચોકના વચ્ચેના ભાગને સાંકડો કરવામાં આવ્યો છે.જેથી ગુરુનાનક ચોક પર ટ્રાફીકની સમસ્યા સર્જાઈ રહી છે.જેથી નાના ટુવ્હીલર વાહનો સિંધી કોલોનીના માર્ગ ઉપરથી બ્રિજ ઉપર જતા હતા જેના કારણે તે માર્ગ ઉપર નાના વાહનોનો ઘસારો વધી ગયો હતો.જેથી સ્થાનિક રહીશો દ્વારા તે માર્ગ ઉપર આડસ મુકી બંધ કરી દેવામાં આવ્યો છે.

મહાજંગનું એલાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સંજયપ્રસાદે કહ્યુ હતુ કે આ ચૂંટણી માટે પાંચ ચૂંટણી અધિકારી અને પાંચ મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે. મતગણતરી વખતે જરૂર પડ્યે વધુ અધિકારીઓની નિયુક્તી પણ થઈ શકશે. ગાંધીનગર મનપાની ચૂંટણી માટે ૧૫૭૫ કર્મયોગીઓ ચૂંટણી વિષયક ફરજો બજાવશે.

કોવિડ-૧૯ મહામારીના પ્રતિરોધક પગલાં લેવાં સારૂ આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે તથા આ ચૂંટણીમાં ફરજ પરના તમામ સ્ટાફને સ્વૈચ્છીક રીતે કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમમાં અગ્રતાના ધોરણે સમાવી લેવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે એમ પણ પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ.

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી માટે કોવિડ-૧૯ સંક્રમણ રોકવા માટે મતદાન મથકદીઠ થર્મલ ગન, ફેસ શિલ્ડ, થ્રી લેયર માસ્ક, એન-૯૫ માસ્ક, હેન્ડ ગ્લવ્ઝ, સેનેટાઈઝર સ્પ્રે, લીકવીડ સોપ, મતદારોને હેન્ડ ગ્વલ્ઝ (યુઝ એન્ડ થ્રો), મતદાન મથકના કર્મચારી માટે પી.પી.ઈ. કીટ આપવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડ છે અને તેની ૪૪ બેઠકો છે. આ અંગેના આખરી આદેશો પણ કરી દેવામાં આવ્યા છે. શહેરની હદમાં વધારો થતાં વોર્ડની સંખ્યા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજથી જ ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો અમલ સાંજથી શરૂ થઈ જશે.

કોરોનાનો વિસ્ફોટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેર અને જિલ્લામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે જોતાં તંત્રએ પણ હવે આકરા પગલાં લેવા પર વિચારણા શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે. જેમાં શોપીંગ સેન્ટરોમાં ઓફલાઈનથી દુકાનો ખોલવાનો મુદ્દો તેમજ બીજી બાબતોનો સમાવેશ થાય છે.

જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં નોંધાયેલા ઘટાડા પછી હાલ જે ટ્રેન્ડ છે તે ચિંતાજનક હોવાનું તેમજ મોટીવયના લોકો વધુ તેમજ મહિલાઓ સંક્રમિત થઈ રહી છે તેને તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ અમલી બનાવી દેવામાં આવ્યા છે. શહેરમાં ૮૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

વિધાનસભામાં

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. ૨૦,૪૦,૫૧૧ રૂ.નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. ૧૨ પરવાના મોકૂફ કરવામાં આવ્યા છે. સાત પરવાના રદ કરાયા છે. એકની સુનાવણી બાકી છે. ૫૦૦ દુકાનદારોને તાકીદ આપવામાં આવી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ઘઉંનો ૧૯૨૫ કિ.ગ્રા. જથ્થો અને ચોખાનો ૧૦૦૦ કિ.ગ્રા. જથ્થો રાજયસાત કરવામાં આવેલ છે.

મંત્રીએ અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં સાત વ્યાજબી ભાવની દુકાનોના પરવાના રદ કરવામાં આવ્યા છે.

● **પ્રવાસન ધામોના વિકાસ પાછળ ખર્ચ**

કોંગીના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના કયા અને કેટલા પ્રવાસન ધામોના વિકાસ પાછળ કેટલો ખર્ચ થયો તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં પ્રવાસન મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કોઈ પ્રવાસન ધામોના વિકાસ પાળ ખર્ચ કરાયો નથી.

● **અને છેલ્લે...**

વાવના કોંગી ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના ભાષા નિયામકની કચેરીના મહેકમ અંગેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં રમત-ગમત મંત્રીએ જણાવ્યુ છે કે આ કચેરીનું મંજૂર મહેકમ ૫૬ છે. જેમાં ૨૪ જગ્યા ભરાયેલી છે અને ૩૨ જગ્યા ખાલી છે. આ કચેરીમાં ૧ જગ્યા ફિક્સ પગારથી અને ૧ જગ્યા કરાર આધારિત ભરાયેલ છે.

અટકળ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કમિશનરની બદલી કરી દેવાઈ છે અને હવે તપાસમાં જે પણ સામે આવશે તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ ભાજપના સાંસદ નારાયણ રાણેએ કહ્યુ હતુ કે, મહારાષ્ટ્ર સરકાર યોગ્ય રીતે કામ નથી કરી રહી. અધિકારી